Date:-15-09-2024
Sandesh, Page-04, Surat



# ૧૬મીથી મોટેરા-ગાંધીનગર મેટ્રોનો પ્રારંભ, PM મોદી વંદે મેટ્રોને લીલીઝંડી આપશે

**મેટ્રો**

● ગાંધીનગરમાં મેટ્રોના બીજા ફેઝનો પ્રારંભ થશે, આગામી સમયમાં નવા રૂટ શરૂ કરાવામાં આવશે

● ગાંધીનગરમાં મેટ્રોમાં મોટેરાથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીનો રૂટ ૩૩.૫ કિમીનો રહેશે

## હવે કનેક્ટિવિટી સુપરફાસ્ટ

**વંદે મેટ્રો**

● ગુજરાતની પ્રથમ વંદે મેટ્રો ટ્રેન ૧૩૦ કિમીની ઝડપે દોડવાની ક્ષમતા ધરાવે છે

● અમદાવાદથી ભૂજ રૂટમાં મીનીમમ ભાડું 30 અને મહત્તમ ૪30 સુધીનું રહેશે

। અમદાવાદ ।

પીએમ મોદી ગુજરાતની મુલાકાતે આજે આવી રહ્યા છે ત્યારે ગુજરાતને બે મહત્વની ટ્રેનની ભેટ મળી રહી છે. પીએમના હસ્તે ૧૬મી સપ્ટેમ્બરે ગાંધીનગર મેટ્રોના બીજા ફેઝનો શુભારંભ થવા જઈ રહ્યો છે સાથે સાથે ગુજરાતની પ્રથમ વંદે મેટ્રો ટ્રેન ગાંધીનગરથી ભૂજ પણ શરુ થશે. આ બન્ને ટ્રેનો શરૂ થવાથી પ્રવાસીઓ અને નાગરિકોને મેટ્રોની સાથે વંદે મેટ્રો ટ્રેનમાં મુસાફરી ઝડપી બનતા સમય અને ખર્ચની બચત થશે. ગાંધીનગરમાં મેટ્રોમાં એપીએમસી (વાસણા)થી ગાંધીનગર સેક્ટર ૧ સુધીની સફરનું ૩૩.૫ કિ.મી અંતર ૬૫ મિનિટમાં કપાશે, જેનું ભાડું રૂ. ૩૫ હશે. દેશની પહેલી વંદે મેટ્રો ટ્રેન ભુજ-અમદાવાદ વચ્ચે ૧૬ સપ્ટેમ્બરથી શરૂ કરાશે. આ ટ્રેનનો લોકાર્પણ સમારંભ ભુજ ખાતે યોજાશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬મીએ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં યોજાનારા કાર્યક્રમમાંથી ઓનલાઈન લીલી ઝંડી ફરકાવી ટ્રેનનો શુભારંભ કરાવશે. જ્યારે ટ્રેનના રેગ્યુલર સંચાલન દરમિયાન અમદાવાદ અને ભૂજ વચ્ચે સાબરમતી, ચાંદલોડિયા, સાણંદ, વીરમગામ, સામખિયાલી, ગાંધીધામ સહિત ૧૨ જેટલા સ્ટેશનો પર ઉભી રહે તેવી શક્યતા છે. અમદાવાદથી ભુજ પહોંચવામાં અન્ય ટ્રેનો સરેરાશ ૬.૩૦ કલાક જેટલો સમય લે છે. તેની સામે મહત્તમ ૧૩૦ કિલોમીટરનીઝડપે દોડવાની ક્ષમતા ધરાવે છે.



| મેટ્રો | | વંદે મેટ્રો |
|---|---|---|
| ■ મોટેરાથી સેક્ટર-૧ ૩૩.૫ કિલોમીટરનો મેટ્રો બીજા ફેઝનો શુભારંભ થશે, ઝડપી મુસાફરી અને સમયનો બચાવ થશે, ટ્રાફિકજામમાંથી મુક્તિ મળશે. | રૂટ | ■ અમદાવાદથી ભૂજ વચ્ચે દેશની પ્રથમ વંદે મેટ્રોની શરૂઆત થશે, આરાદાયક અને ઝડપી મુસાફરીનો પ્રવાસીઓને લાભ મળશે, ૩૩૪ કિલોમીટરના રૂટ પર દોડવામાં આવશે |
| ■ મોટેરાથી સેક્ટર-૧ સુધીનું ભાડું રૂ. ૩૫ હાલ નિયત કરવામાં આવ્યું છે. હાલ એક કોચ બાદમા જરૂરિયાત મુજબ કોચની સંખ્યા વધારવામાં આવશે. | ભાડું | ■ દેશની પ્રથમ વંદે મેટ્રો અમદાવાદથી ભૂજમાં ઈકોનોમી ક્લાસમાં મિનિમમ રૂ.૩૦ અને મહત્તમ ૪૩૦ રૂપિયા રાખવામાં આવ્યા હોવાનો અંદાજ છે |
| ■ મોટેરાથી જીએનએલયુ, પીડીઇયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી અને સેક્ટર-૧ સુધી સ્થળો નિયત કરાયા છે | સ્ટોપેજ | ■ વંદે મેટ્રો અમદાવાદ-ભૂજ વચ્ચે સાબરમતી, ચાંદલોડિયા, સાણંદ, વીરમગામ, સામખિયાલી, ગાંધીધામ સહિત ૧૨ જેટલા સ્ટેશનો નિયત કરવામાં આવ્યા છે |
| ■ મોટેરાથી ગાંધીનગરના સેક્ટર સુધી પહોંચવા સામાન્ય રીતે દોઢ કલાકનો સમય લાગતો હોય છે તેના બદલે હવે ૬૫ મિનિટમાં પહોંચી જવાશે | સમય | ■ અમદાવાદથી ભુજમાં સરેરાશ ૬.૩૦ કલાકનો સમય લાગતો હતો હવે વંદે મેટ્રો શરૂ થવાના કારણે મુસાફરોનો અંદાજે દોઢ કલાક બચી જશે |
| ■ હાલમાં પીએમ નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયા બાદ સામાન્ય રીતે મેટ્રોનો ટાઇમ ગાંધીનગર સવારના ૬ થી રાતના ૧૦ સુધીનો હોવાનો અંદાજ છે | ટાઇમટેબલ | ■ હાલમાં વંદે મેટ્રો અમદાવાદથી સાંજે ૫-૩૦ કલાકે ઉપડશે અને રાત્રે ૧૧-૧૦ કલાકે ભૂજ પહોંચી જશે, ૧૩૦ કિલોમીટરની ઝડપે દોડવાની ક્ષમતા ધરાવે છે |
| ■ ટ્રાફિક જામથી મુક્તિ, પ્રદુષણ ઘટશે, પર્યાવરણને ફાયદો, સરકારી કર્મચારી અને બિઝનેસમેન સહિતના લોકો જલ્દીથી ઓફિસ પહોંચી શકશે | ફાયદો | ■ ભૂજ જવા માટે સમયનો બચાવ થશે, કચ્છ રૂટમાં ટ્રેનની સંખ્યા વધતા પ્રવાસીઓને ફાયદો થશે, એસી ટ્રેનમાં આરામદાયક મુસાફરીનો પ્રવાસીઓને લાભ મળશે |

